પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૩ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૧, બુધવાર; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભાજપ અડીખમ, કોંગ્રેસ ખાલીખમ

## રાજ્યની છ મનપામાં ભાજપનો ભવ્યાતીભવ્ય વિજય, કોંગ્રેસના સૂપડા સાફ : રાજ્યની રાજનીતિમાં 'આપ'નો પ્રવેશ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યની તમામ છ મ્યુનિસિપલ કોર્પોરેશનની યોજાયેલી ચૂંટણીમાં ભગવા લહેર જોવા મળી છે. ભારતીય જનતા પક્ષે તમામ છ કોર્પોરેશન પર જંગી બહુમતી સાથે કબજો મેળવી લીધો છે. રાજ્યના સૌથી મોટો વિરોધ પક્ષને આ ચૂંટણીમાં સૌથી મોટો આંચકો લાગ્યો છે. છ મ્યુનિસિપાલીટીમાં પક્ષનો કારમો પરાજય તો થયો જ છે પણ તેની સ્થિતિ અગાઉની ચૂંટણી કરતા વધુ કથડી હોવાનું જણાય છે. અમદાવાદ શહેરમાં ભાજપને છેલ્લી માહિતી સુધીમાં ૧૬૫ અને કોંગ્રેસને ૧૫ તથા અન્યોને આઠ બેઠક મળી છે. સુરતમાં તકો કોંગ્રેસ તેનું ખાતું પણ ખોલાવી શકી નથી. સુરતમાં ૧૨૦ બેઠકોમાંથી ૯૩ ભાજપને અને ૨૭ બેઠક આપને મળી છે. આ સાથે આપે રાજ્યમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. કોંગ્રેસના કંગાળ દેખાવને પગલે છ શહેરોના પ્રમુખોએ રાજીમાના ધરી દીધા હોવાનું જાણવા મળ્યું છે.

મળતા અહેવાલો અનુસાર વડોદરામાં ૭૬માંથી ૬૧ ભાજપ અને સાત બેઠક પર કોંગ્રેસના ઉમેદવારો વિજેતા થયા છે. રાજકોટમાં ૭૨ બેઠકોમાંથી ૬૮ ભાજપને અને ચાર બેઠક કોંગ્રેસના ફાળે ગઈ છે. ભાવનગરમાં પણ ભાજપે ૫૨માંથી ૪૪ બેઠકો પર કબજો જમાવ્યો છે જ્યારે કોંગ્રેસને માત્ર ચાર બેઠકો મળી છે. જામનગરમાં ૬૪ બેઠકો પૈકીની ભાજપને ૫૦ કોંગ્રેસને ૧૧ અને અન્યોના ફાળે ત્રણ બેઠક ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૫ની ચૂંટણીમાં ભાજપને અમદાવાદમાં ૧૪૩, સુરતમાં ૭૯, વડોદરામાં ૫૭, રાજકોટમાં ૩૮ અને ૩૪ બિનહરીફ બેઠકો મળી હતી, જામનગરમાં ૩૮ અને ભાવનગરમાં ૩૪ તથા ૧૮ બેઠક બિનહરીફ થઈ હતી. કોંગ્રેસને ગત ચૂંટણીમાં અમદાવાદમાં ૪૮,

### ક્યાં - કોને - કેટલી બેઠક

| મનપા | ભાજપ | કોંગ્રેસ | આપ | અન્ય |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૫૯ | ૨૫ | ૦ | ૦૮ |
| સુરત | ૯૩ | ૦ | ૨૭ | ૦ |
| રાજકોટ | ૬૮ | ૦૪ | ૦ | ૦ |
| વડોદરા | ૬૬ | ૧૦ | ૦ | ૦ |
| ભાવનગર | ૪૪ | ૦૮ | ૦૦ | ૦૦ |
| જામનગર | ૫૦ | ૧૧ | ૦૦ | ૦૩ |





### જામનગર વોર્ડ ૬માં બસપાના ત્રણ ઉમેદવારોએ મેળવી જીત

૬ મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે સરેરાશ મતદાન ઓછુ નોંધાયુ હતું. રાજ્યના જામનગરમાં ભાજપ અને કોંગ્રેસને હરાવીને વોર્ડ નંબર છમાં માયાવતીની બહુજન સમાજવાદી પાર્ટીના ત્રણ ઉમેદવારો જીત્યા છે.

જામનગરના વોર્ડ નંબર છમાં બહુજન સમાજવાદી પાર્ટીના ફુકરાન સેખ, જ્યોતિ ભારવડિયા, રાહુલ બોરીચાનો વિજય થયો છે. આ સાથે ભાજપની પેનલમાંથી જયુબા ઝાલાનો વિજય થયો છે. આમ ભાજપ અને કોંગ્રેસને કચડીને બહુજન સમાજવાદી પાર્ટીના હાથીએ સવારી કાઢી છે.

● અનુસંધાન પાન-૭ પર

### સુરતમાં ભવ્ય જીત બાદ ગુજરાત આવશે કેજરીવાલ: સુરતમાં રૉડ શો કરે તેવી શક્યતા

ગુજરાતમાં ૬ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો આવી રહ્યા છે. ગુજરાતમાં ત્રીજા પક્ષ તરીકે આમ આદમી પાર્ટીએ એન્ટ્રી કરીને સફળતા મેળવી છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ સારૂ પ્રદર્શન કરતા સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટીએ ૨૭ બેઠક જીતી છે. સુરતમાં આમ આદમી પાર્ટીની ભવ્ય સફળતા બાદ અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યુ હતું. સુરતમાં અરવિંદ કેજરીવાલ રોડ શો કરશે. અને સુરતની જનતાનો આભાર વ્યક્ત કરશે. ૨૫ કે ૨૬ ફેબ્રુઆરીએ અરવિંદ કેજરીવાલ સુરતમાં આવશે.

## ગુજરાત ભાજપનો ગઢ છે અને રહેશે : રૂપાણી

### મતદારોનો આભાર માનું છું, ચૂંટણીમાં પરિશ્રમ કરનારા ભાજપના તમામ કાર્યકર્તાને ખૂબ ખૂબ ધન્યવાદ : રૂપાણી

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતની છ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો હવે સ્પષ્ટ થઈ ગયા છે. તમામ જગ્યાએ ભારતીય જનતા પાર્ટી પોતાની સરકાર બનાવી રહી છે તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. આ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક પછી ટ્વીટ કરીને લખ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ગુજરાતે ભવ્ય વિજય અપાવીને, ગુજરાત ભારતીય જનતા પાર્ટીનો ગઢ છે એ ફરી વખત સાબિત કર્યુ છે. વિજય રૂપાણીએ ટ્વીટ કરીને લખ્યું છે કે, ૬ મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય એ ગુજરાતની જનતાનો વિજય છે. માનનીય વડાપ્રધાનએ શરૂ કરેલા વિકાસની રાજનીતિનો ભવ્ય વિજય છે. વર્ષોથી કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટીને શહેરના વિકાસની જવાબદારી સોંપીને ગુજરાતની જનતાએ રાજકીય વિશ્લેષણ કરનારા લોકોને એન્ટી ઈક્મ્બન્સી શબ્દ ગુજરાતને લાગુ જ ના પડતો હોય એવો અભ્યાસ કરવા માટેનો વિષય ગુજરાતની જનતાએ વિજય અપાવીને બનાવ્યો છે. સમગ્ર ૬ મહાનગરોના મતદારોનો આભાર માનું છું. આ ચૂંટણીમાં સખત પરિશ્રમ કરનારા ભાજપાના તમામ કાર્યકર્તાઓને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. ગુજરાતની જનતાને ખાતરી આપું છું કે ભાજપામાં મૂકેલા વિશ્વાસને ભાજપા એળે નહીં જેવા દે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના સામે ફરી જંગ માટે અમિત શાહ એક્શનમાં

### અમિત શાહે અધિકારીઓ સાથે બેઠક યોજી : બેઠક એવા સમયે થઈ છે જ્યારે કેટલાક રાજ્યોમાં કોરોના કેસ વધ્યા છે, આ બેઠકમાં સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધન અને ગૃહ સચિવ અજય હાજર રહ્યા હતા



નવી દિલ્હી,તા.૨૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ દેશમાં કોરોનાની વર્તમાન સ્થિતિ પર સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે દેશના કેટલાક રાજ્યોમાં છેલ્લા થોડા દિવસથી કોરોના કેસ વધ્યા છે. આ બેઠકમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધન અને ગૃહ સચિવ અજય ભલ્લા પણ હાજર રહ્યા હતા. ગૃહ મંત્રાલયના અધિકારીએ એક નિવેદનમાં કહ્યુ કે, ગૃહ મંત્રીએ દેશમાં કોરોના વાયરસની સ્થિતિનું નિરીક્ષણ કર્યુ, ખાસ કરીને તે રાજ્યોમાં જ્યાં

● અનુસંધાન પાન-૭ પર

## વાયરસના નવા સ્વરૂપના સેમ્પલનું જીનોમ સિકવેન્સિંગ હાથ ધરાયું

નવી દિલ્હી, તા. ૨૩

ભારતના કેટલાક રાજ્યોમાં કોરોના વાયરસના કેસ ફરી વધવા લાગ્યા છે. એવી શક્યતા છે કે તેની પાછળ વાયરસનું નવું સ્વરૂપ જવાબદાર હોઈ શકે છે. આ આશંકામાં કેટલું સત્ય છે, તે જાણવા સેમ્પલનું જીનોમ સીક્વેન્સિંગ કરવામાં આવી રહ્યું છે. આરોગ્ય મંત્રાલયને ટાંકીને મીડિયા રિપોર્ટસમાં દાવો કરાયો છે કે, ગત એક મહિનામાં મહારાષ્ટ્ર અને કેરળથી લગભગ ૯૦૦ સેમ્પલ મોકલાયા છે. દિલ્હીમાં પણ ઉપરાજ્યપાલ અનિલ બેજલે અધિકારીઓને ક્લસ્ટર-બેઝ્ડ જીનોમ સીક્વેન્સિંગ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. કલસ્ટર-બેઝ્ડ જીનોમ સીક્વન્સિંગ ટેસ્ટિંગ અને સર્વેલન્સથી વાયરસના મ્યૂટેશનની જાણ થાય છે.

**દેશમાં ફરી વખત કોરોનાના કેસ વધવા લાગ્યા : નવા સ્ટ્રેનથી કોરોના વકર્યાની આશંકા : ક્લસ્ટર-બેઝ્ડ જીનોમ સીક્વન્સિંગ ટેસ્ટિંગ અને સર્વેલન્સથી કોરોના વાયરસના મ્યૂટેશનની જાણ થઇ શકે છે**

અહેવાલ મુજબ, પંજાબ અને બેંગલુરુથી પણ જીનોમ સીક્વન્સિંગ માટે સેમ્પલ માંગવામાં આવ્યા છે. ત્રણથી ચાર દિવસમાં એ સ્પષ્ટ થઈ જશે કે આ રાજ્યોમાં કોવિડના કેસો વધવા પાછળ કોરોના વાયરસનો કોઈ નવો વેરિયન્ટ છે કે નહીં. અત્યાર સુધીમાં દેશભરમાં લગભગ ૬,૦૦૦ સેમ્પલ્સનું જીનોમ સીક્વન્સિંગ કરવામાં આવી ચૂક્યું છે.

કેરળ અને મુંબઈમાં માઈક્રો લેવલ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આરોગ્ય વિભાગના અધિકારી એ જાણવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે કે, શું નવા વિસ્તારોમાં કોવિડ ક્લસ્ટર્સ બની રહ્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં જીનોમ સીક્વેન્સિંગ માટે ૧૦ સર્વેલન્સ સાઈટ્સ બનાવાઈ છે. યુરોપની જેમ ભારતમાં વધારે સંક્રામક યુકે વેરિયન્ટ એટલો વધારે ફેલાયો હોવાના પુરાવા મળ્યા નથી. યુકે વેરિયન્ટના અત્યાર સુધી ૧૮૭ કેસ સામે આવ્યા છે. બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાથી પણ નવા વેરિયન્ટ મળ્યા છે. સાઉથ આફ્રિકન સ્ટ્રેનના અત્યાર સુધીમાં ચાર કેસ અને બ્રાઝીલ વેરિયન્ટનો એક કેસ જ સામે આવ્યો છે.

## રસીકરણમાં જલદી પ્રાઈવેટ સેક્ટરની એન્ટ્રી થઈ જશે

### દરરોજ પચાસ હજારને રસી આપવાની યોજના

નવી દિલ્હી,તા.૨૩

મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ પંજાબ અને મધ્યપ્રદેશમાં ફરી એકવાર કોરોના વાયરસના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. બદલાયેલી પરિસ્થિતિ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આરોગ્ય મંત્રાલયને કોરોના રસીકરણ ઝડપી બનાવવા જણાવ્યું છે. કેન્દ્ર સરકાર હવે ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને કોરોના રસી લાગુ કરવાની દિશામાં પગલા લેવા જઈ રહી છે. આવી સ્થિતિમાં કેન્દ્ર દેશના લગભગ ૨૭ કરોડ લોકોને રસીકરણ માટે પ્રાઈવેટ સેક્ટરનો આશરો પણ લેશે જેથી ટૂંક સમયમાં રસીકરણ અભિયાન પૂર્ણ થઈ શકે. આ તબક્કામાં ૫૦ વર્ષથી ઓછી વયના લોકોનો પણ સમાવેશ કરવામાં આવશે જેમને કોરોના ચેપ થવાની સંભાવના છે. નીતિ આયોગના સભ્ય ડો.વી.કે. પોલ કહે છે કે કોરોના રસીકરણમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકાની સંપૂર્ણ વિગતો આગામી કેટલાક દિવસોમાં ઉપલબ્ધ થશે. ડો.પોલે કહ્યું કે, આ સમયે પણ આરોગ્ય કાર્યકરો અને ફ્રન્ટલાઈન કામદારોની રસીકરણમાં ખાનગી ક્ષેત્ર મુખ્યત્વે સામેલ છે. ૧૦ હજાર રસીમાંથી ૨ હજાર રસી ખાનગી કંપનીઓમુકી રહી છે. જેમ જેમ આપણે રસીકરણ ઝુંબેશને વેગ આપીએ છીએ તેમ ખાનગી ક્ષેત્રની ભૂમિકા વધુ ગહન થશે. ડો પોલના જણાવ્યા અનુસાર, કોરોના રસીકરણ અભિયાનમાં ખાનગી


● અનુસંધાન પાન-૭ પર

## ટેસ્લાના મસ્કે વિશ્વની સૌથી ધનાઢ્ય વ્યક્તિનું સ્થાન ખોયું

### બિટકોઈન અંગે કરેલી ટ્વીટથી મસ્ક ફસાયા : ટેસ્લાના એલન મસ્કની જગ્યા અમેરિકી ઇ-કોમર્સ કંપની અમેઝોનના ફાઉન્ડર જેફ બેજોસે સ્થાન મેળવી લીધું

નવી દિલ્હી, તા. ૨૩

ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ એલન મસ્ક હવે દુનિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ રહ્યાં નથી. તેમની જગ્યા અમેરિકી ઈ-કોમર્સ કંપની અમેઝોનના ફાઉન્ડર જેફ બેજોસે લઈ લીધી છે. બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સ અનુસાર, જેફ બેજોસ હવે દુનિયાના સૌથી પૌસાદાર કારોબારી બની ગયા છે. એક ટ્વિટના કારણે એલન મસ્ક બીજા સ્થાને પહોંચી ગયા છે.



ટેસ્લામાં સૌથી વધુ કડાકો સપ્ટેમ્બર બાદ જોવા મળ્યો. તેમની કંપનીના શેરોમાં કડાકો તેમણે બિટકોઈન અંગે કરેલી કમેન્ટ બાદ આવ્યો. એલન મસ્કે કહ્યું હતું કે, બિટકોઈનની કિંમતો વધુ છે. તે બાદ સોમવારે ટેસ્લાના શેરોમાં પણ ૮.૫ ટકાનો કડાકો જોવા મળ્યો. આનાથી એલન મસ્કની સંપત્તિમાં ૧૫ બિલિયન ડોલરનો ઘટાડો થયો.

મસ્ક બે વખત જેફ બેજોસને પછાડીને સૌથી અમીર વ્યક્તિ બન્યા હતા. જેફ બેજોસ ૧૮૬ અરબ ડોલરની નેટવર્થ સાથે દુનિયાના ધનાઢ્યની યાદીમાં સૌથી ઉપર પહોંચી ગયા છે. મસ્કની કંપની ટેસ્લાના શેરો સોમવારે ૮.૫૫ ટકા ગગડ્યાં. જેનાથી એલન મસ્કની નેટવર્થમાં ૧૫.૨ અરબ ડોલરનો ઘટાડો થયો અને તે ૧૮૩ અરબ ડોલર નેટવર્થ સાથે બીજા સ્થાને આવી ગયા.

ઉપરાંત ભારતના સૌથી ધનાઢ્ય મુકેશ અંબાણી આ યાદીમાં એક સ્થાન નીચ ઉતર્યા છે. તેઓ ૧૨માં સ્થાને પહોંચી ગયા છે. તેમની નેટવર્થ ૭૮.૩ અરબ ડોલર છે. આ વર્ષે તેમની નેટવર્થમાં ૧.૫૫ અરબ ડોલરનો વધારો થયો છે.

## દિશા રવિને જામીન, લાખ રૂપિયા જમા કરાવવા હુકમ

નવી દિલ્હી, તા. ૨૩

દેશમાં ચકચાર મચાવનાર ટૂલ કિટ કેસમાં આજે બેંગ્લોરની એક્ટિવિસ્ટ દિશા રવિને દિલ્હીની કોર્ટે જામીન આપ્યા છે.જોકે સાથે સાથે જામીનની સામે કોર્ટે એક લાખ રુપિયા જમા કરાવવાનો આદેશ પણ આપ્યો છે.

ટૂલકિટ કેસમાં આજે દિલ્હી પોલીસ દ્વારા દિશા રવિ અને આ કિટ તૈયાર કરવામાં સામેલ મનાતા બીજા બે વ્યક્તિઓ નિકિતા જેકોબ અને શાંતનુને આમને સામને બેસાડીને પૂછપરછ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે દિશા રવિના રીમાન્ડ વધારવા માટે ગઈકાલે માંગ કરી હતી.એ પછી પોલીસની માંગણી બાદ કોર્ટે એક દિવસ માટે રિમાન્ડ વધાર્યા હતા.આજે આ મુદત પૂરી થયા બાદ પોલીસે દિશા રવિને કોર્ટમાં રજૂ કરી હતી અને કોર્ટે તેના જામીન મંજુર કર્યા હતા અને સાથે સાથે જામીન તરીકે ૧ લાખ રુપિયા ભરવાનો આદેશ આપ્યો હતો.

## મોદીના સભા સ્થળને TMCએ ગંગાજળ છાંટીને પવિત્ર કરી દીધું

### હુગલીમાં સભા સ્થળેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મમતા પર ખોટા આક્ષેપ લગાવ્યા હોવાનો ટીએમસીનો આક્ષેપ

હુગલી, તા. ૨૩

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે સતત જંગ ચાલી રહી છે. ગઈકાલે પશ્ચિમ બંગાળના હુગલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી સભાને સંબોધી હતી, જેમાં ટીએમસી પર નિશાન સાધ્યું હતું. હવે એ જ મેદાનને મંગળવારે ટીએમસીના કાર્યકરોએ ગંગાજળ છાંટીને પવિત્ર કર્યુ છે.

હૂગલીમાં ટીએમસીના જિલ્લાધ્યક્ષ દિલિપ યાદવની આગેવાનીમાં અભિયાન ચલાવ્યું છે. ટીએમસીએ આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહીંથી મમતા બેનર્જી પર ખોટા આરોપ લગાવ્યા છે. કેન્દ્ર સરકાર પશ્ચિમ બંગાળ સાથે સાવકા જેવો વ્યવહાર કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે આગામી ૨૪ ફેબ્રુઆરીના દિવસે મમતા બેનર્જી પણ આ જ મેદાન પર ચૂંટણી સભાને સંબોધિત કરશે. તેવામાં ટીએમસીના કાર્યકરોનું કહેવું છે કે ગંગાજળ છાંટીને આ મેદાનને પવિત્ર કરી દીધું છે. આટલું જ નહીં પરંતુ ટીએમસીએ

● અનુસંધાન પાન-૭ પર

## દોડવીર પીટી ઉષા ભાજપમાં જોડાવાની વધતી સંભાવના

કોચ્ચિ,તા.૨૩

પશ્ચિમ બંગાળ બાદ ભાજપનો હવે નવો ટાર્ગેટ કેરળ રાજ્ય હોય તેવી ચર્ચાએ વેગ પકડ્યો છે. ભાજપએ કેરળમાં પોતાની તાકાત વધારવા માટે મેટ્રોમેન ઈ.શ્રીધરનને લીધા પછી હવે ખ્યાતનામ દોડવીર પી.ટી.ઉષાને લઈ આવવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. ભાજપનાં સૂત્રોની વાત માનીએ તો ઉષાએ ભાજપમાં જોડાવાની તૈયારી બતાવી છે. અમિત શાહએ ઉષા સાથે વાત કરી હોવાનો તેમનો દાવો છે. ઉષા કેરળ વિધાનસભાની ચૂંટણી પહેલાં ભાજપમાં જોડાઈ જશે અને ભાજપનો પ્રચાર કરશે. ભાજપ ઉષાને કેરળ વિધાનસભાની ચૂંટણીમાં નથી ઉતારવાના પણ આવતા વર્ષે રાજ્યસભામાં રાષ્ટ્રપતિ દ્વારા નોમિનેટ કરીને સાંસદ બનાવાશે.

આવતા વર્ષે રાજ્યસભામાંથી રાષ્ટ્રપતિ દ્વારા નોમિનેટેડ સાત સભ્યો નિવૃત્ત થવાના છે. આ પૈકી એક બેઠક પી.ટી.ઉષાને મળે તેવી સંભાવના છે. ભાજપ માને છે કે ઉષાના આગમનથી શહેરી વિસ્તારોમાં ભાજપને ફાયદો થશે. શહેરી હિંદુ ડાબેરીઓની મતબેંક મનાય છે ને તેમાં ગાબડુ પાડવા ભાજપ કેટલાક મલયાલમ ફિલ્મ સ્ટાર્સને પણ ખેંચી લાવશે.

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર -૨૨, ગાંધીનગર
9909555191

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Vશાલ
SUPER MARKETની આજ
કિસાન મીક્ષ ફ્રુટ જામ
(૧ કિલો)
રૂ. ૧૪૦/-
સેક્ટર-૬/કુડાસણ